Sunday
15.09.2024
*Volume :9 * Issue No.59
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM

Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

**પ્રધાનમંત્રી ઝારખંડનાં ટાટાનગરમાં ૬૬૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં વિવિધ રેલવે પ્રોજેક્ટનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે**

**પ્રધાનમંત્રી ઝારખંડમાં છ વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવશે**

# પ્રધાનમંત્રી ૧૫થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન ઝારખંડ, ગુજરાત અને ઓડિશાની મુલાકાત લેશે

## પ્રધાનમંત્રી અમદાવાદમાં ૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં વિવિધ વિકાસકાર્યોનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૧૫-૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪નાં રોજ ઝારખંડ, ગુજરાત અને ઓડિશાની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી ૧૫ સપ્ટેમ્બરનાં રોજ ઝારખંડની મુલાકાત લેશે અને સવારે ૧૦ વાગે તેઓ ટાટાનગર જંકશન રેલવેસ્ટેશન, ઝારખંડ ખાતે ટાટાનગર-પટણા વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપશે. સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે તેઓ ૬૬૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં વિવિધ રેલવે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે



**પ્રધાનમંત્રી ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો (રિ-ઇન્વેસ્ટ)નું ઉદઘાટન કરશે**

અને દેશને અર્પણ કરશે તથા ઝારખંડનાંટાટાનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ (પીએમએવાય-જી)નાં ૨૦,૦૦૦ લાભાર્થીઓને મંજૂરીપત્રોનું વિતરણ પણ કરશે. પ્રધાનમંત્રી ૧૬ સપ્ટેમ્બરનાં રોજ સવારે ૦૯:૪૫ વાગ્યે ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મુફ્ત વીજળી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ સવારે ૧૦:૩૦ વાગ્યે તેઓ મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો (રિ-ઈન્વેસ્ટ)નું ઉદઘાટન કરશે. પ્રધાનમંત્રી બપોરે ૧:૪૫ વાગ્યે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે અને સેક્શન ૧ મેટ્રો સ્ટેશનથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોની સવારી કરશે. બપોરે લગભગ ૩:૩૦ વાગ્યે અમદાવાદમાં તેઓ ૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી ૧૭ સપ્ટેમ્બરનાં રોજ ઓડિશાની મુલાકાત લેશે અને સવારે ૧૧:૧૫ વાગ્યે તેઓ પ્રધાનમંત્રી આવાસ યોજના – શહેરીનાં લાભાર્થીઓ સાથે વાત કરશે. ત્યારબાદ બપોરે લગભગ ૧૨ વાગે તેઓ ઓડિશાના ભુવનેશ્વરમાં ૩૮૦૦ કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે અને દેશને સમર્પિત કરશે.

**ટાટાનગરમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સિંગ મારફતે ૬૬૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ રેલવે પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે અને દેશને સમર્પિત કરશે. તેઓ દેવઘર જિલ્લામાં મધુપુર બાય પાસ લાઇન અને ઝારખંડનાં હઝારીબાગ જિલ્લામાં હઝારીબાગ ટાઉન કોચિંગ ડેપોનો શિલાન્યાસ કરશે. આ કામ પૂર્ણ થયા પછી, માધુપુર બાયપાસ લાઇન હાવડા-દિલ્હી મેઇનલાઇન પર ટ્રેનોને રોકવાથી બચી શકાશે અને ગિરિડીહ અને જસીદીહ વચ્ચે મુસાફરીનો સમય ઘટાડવામાં પણ મદદ કરશે અને હઝારીબાગ ટાઉન કોચિંગ ડેપો આ સ્ટેશન પર કોચિંગ સ્ટોકની જાળવણીની સુવિધામાં મદદ કરશે. પ્રધાનમંત્રી કુરકુરા-કનારુઆં ડબલિંગ પણ દેશને સમર્પિત કરશે, જે બંડામુંડા-રાંચી સિંગલ લાઇન સેક્શનનો ભાગ છે તથા રાંચી, મુરી અને ચંદ્રપુરા સ્ટેશનો થઈને રાઉરકેલા-ગોમોહ રૂટનો એક ભાગ છે. આ પ્રોજેક્ટ ચીજવસ્તુઓ અને પેસેન્જર ટ્રાફિકની ગતિશીલતામાં નોંધપાત્ર વધારો કરવામાં મદદરૂપ થશે. આ ઉપરાંત સામાન્ય લોકોની સુરક્ષા વધારવા માટે ૦૪ રોડ અંડર બ્રિજ (આરયુબી) પણ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે. પ્રધાનમંત્રી છ વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપશે. અત્યાધુનિક વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો આ માર્ગો પરની કનેક્ટિવિટીમાં સુધારો કરશે:

1) **ટાટાનગર – પટના**
2) **ભાગલપુર – દુમકા – હાવડા**
3) **બેરહામપુર – ટાટાનગર**
4) **ગયા - હાવડા**
5) **દેવઘર – વારાણસી**
6) **રાઉરકેલા - હાવડા**

આ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો શરૂ થવાથી નિયમિત મુસાફરો, વ્યાવસાયિકો, વેપારીઓ અને વિદ્યાર્થી સમુદાયને લાભ થશે. આ ટ્રેનો દેવઘર (ઝારખંડ)માં બૈદ્યનાથ ધામ, વારાણસી (ઉત્તર પ્રદેશ)માં કાશી વિશ્વનાથ મંદિર, કાલીઘાટ, કોલકાતા (પશ્ચિમ બંગાળ)માં બેલુર મઠ વગેરે જેવા તીર્થસ્થાનો પર ઝડપથી અવરજવરની સુવિધા પ્રદાન કરીને આ ક્ષેત્રમાં ધાર્મિક પર્યટનને વેગ આપશે. આ ઉપરાંત ધનબાદમાં કોલસા ખાણ ઉદ્યોગો, કોલકાતામાં શણ ઉદ્યોગો, દુર્ગાપુરમાં આયર્ન એન્ડ સ્ટીલ સાથે સંકળાયેલા ઉદ્યોગોને પણ મોટું પ્રોત્સાહન મળશે. તમામ માટે મકાનની પોતાની પ્રતિબદ્ધતાને અનુરૂપ પ્રધાનમંત્રી ઝારખંડનાં પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ (પીએમએવાય-જી)નાં ૨૦,૦૦૦ લાભાર્થીઓને મંજૂરીનાં પત્રોનું વિતરણ કરશે. તેઓ લાભાર્થીઓને સહાયનો પહેલો હપ્તો જાહેર કરશે. પ્રધાનમંત્રી ૪૬ હજાર લાભાર્થીઓનાં ગૃહપ્રવેશની ઉજવણીમાં પણ સહભાગી થશે.

**પ્રધાનમંત્રી ગાંધીનગરમાં**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત ખાતે રિ-ઈન્વેસ્ટ ૨૦૨૪નું ઉદઘાટન કરશે. આ કાર્યક્રમ નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન અને જમાવટમાં ભારતની પ્રભાવશાળી પ્રગતિને પ્રકાશિત કરવા માટે તૈયાર છે. જેમાં અઢી દિવસની કોન્ફરન્સ યોજાશે, જેમાં દુનિયાભરના પ્રતિનિધિઓને આકર્ષવામાં આવશે. ઉપસ્થિત લોકો એક વ્યાપક કાર્યક્રમમાં જોડાશે, જેમાં મુખ્યમંત્રીસ્તરીય પૂર્ણતા, સીઈઓ રાઉન્ડટેબલ અને નવીન ધિરાણ, ગ્રીન હાઈડ્રોજન અને ભવિષ્યના ઊર્જા ઉકેલો પર વિશિષ્ટ ચર્ચા-વિચારણાનો સમાવેશ થાય છે. જર્મની, ઓસ્ટ્રેલિયા, ડેન્માર્ક અને નોર્વે પાર્ટનર કન્ટ્રીઝ તરીકે આ ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. ગુજરાત રાજ્ય યજમાન રાજ્ય છે અને ભાગીદાર રાજ્યો તરીકે આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તેલંગાણા અને ઉત્તર પ્રદેશ રાજ્યો ભાગ લઈ રહ્યા છે. આ શિખર સંમેલન ભારતની ૨૦૦ ગીગાવોટની સ્થાપિત બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતાની નોંધપાત્ર સિદ્ધિમાં મહત્વપૂર્ણ યોગદાન આપનારનું સન્માન કરશે. અહીં એક પ્રદર્શન યોજાશે, જેમાં સરકારી અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ, સ્ટાર્ટ-અપ્સ અને ઉદ્યોગજગતના મુખ્ય ખેલાડીઓ તરફથી અત્યાધુનિક નવીનતાઓ પ્રદર્શિત કરવામાં આવશે. આ પ્રદર્શન સ્થાયી ભવિષ્ય માટે ભારતની કટિબદ્ધતાને રેખાંકિત કરશે.

**પ્રધાનમંત્રી અમદાવાદમાં**

પ્રધાનમંત્રી ગુજરાતનાં અમદાવાદમાં ૮,૦૦૦ કરોડ રૂપિયાથી વધારે મૂલ્યની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.પ્રધાનમંત્રી કેટલાંક મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટનું શિલારોપણ કરશે, જેમાં સામખિયાળી– ગાંધીધામ અને ગાંધીધામ – આદિપુર રેલવે લાઈનનાં ચાર કરોડ, એએમસી, અમદાવાદમાં આઈકોનિક રોડનો વિકાસ અને બાકરોલ, હાથીજણ, રામોલ અને પાંજરપોલ જંક્શન પર ફ્લાયઓવર પુલનું નિર્માણ સામેલ છે. પ્રધાનમંત્રી ૩૦ મેગાવોટની સોલાર સિસ્ટમનું ઉદઘાટન કરશે. તેઓ કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન, કચ્છ ખાતે ૩૫ મેગાવોટના બીઈએસએસ સોલર પીવી પ્રોજેક્ટનું તથા મોરબી અને રાજકોટમાં ૨૨૦ કિલોવોલ્ટ સબસ્ટેશનનું ઉદઘાટન પણ કરશે. પ્રધાનમંત્રી આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્રો સત્તામંડળની સિંગલ વિન્ડો આઈટી સિસ્ટમ (એસડબલ્યુઆઈટીએસ)નો શુભારંભ કરશે, જેની રચના નાણાકીય સેવાઓને સુવ્યવસ્થિત કરવા માટે કરવામાં આવી છે. પ્રધાનમંત્રી પ્રધાનમંત્રી આવાસ યોજના – ગ્રામીણ હેઠળ ૩૦,૦૦૦થી વધારે મકાનોને મંજૂરી આપશે અને આ ઘરો માટે પ્રથમ હપ્તો બહાર પાડશે તેમજ પીએમએવાય યોજના હેઠળ મકાનોનું નિર્માણ શરૂ કરશે. તેઓ રાજ્યનાંલાભાર્થીઓનેપીએમએવાય નાં શહેરી અને ગ્રામીણ એમ બંને વિભાગો હેઠળ પૂર્ણ થયેલા મકાનો પણ સુપરત કરશે. આ ઉપરાંત તેઓ ભુજથી અમદાવાદ સુધીની ભારતની પ્રથમ વંદે મેટ્રો અને કેટલીક વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી પણ આપશે, જેમાં નાગપુરથી સિકંદરાબાદ, કોલ્હાપુરથી પુણે, આગ્રા કેન્ટથી બનારસ, દુર્ગથી વિશાખાપટ્ટનમ, પૂણેથી હુબલી અને વારાણસીથી દિલ્હી સુધીની પ્રથમ ૨૦ કોચની વંદે ભારત ટ્રેન સામેલ છે.

**ભુવનેશ્વરમાં પ્રધાનમંત્રી**

પ્રધાનમંત્રી ભુવનેશ્વરમાં ઓડિશા સરકારની મુખ્ય યોજના 'સુભદ્રા'નો શુભારંભ કરશે. આ સૌથી મોટી, સિંગલ મહિલા-કેન્દ્રિત યોજના છે અને તેમાં ૧ કરોડથી વધારે મહિલાઓને આવરી લેવામાં આવશે એવી અપેક્ષા છે. આ યોજના હેઠળ, ૨૧-૬૦ વર્ષની વયના તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વર્ષ ૨૦૨૪-૨૫થી ૨૦૨૮-૨૯ વચ્ચે ૫ વર્ષનાં ગાળામાં ૫૦,૦૦૦/- રૂપિયા મળશે. બે સમાન હપ્તામાં દર વર્ષે ૧૦,૦૦૦/- રૂપિયાની રકમ સીધી લાભાર્થીના આધાર-સક્ષમ અને ડીબીટી-સક્ષમ બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ ઐતિહાસિક પ્રસંગે પ્રધાનમંત્રી ૧૦ લાખથી વધારે મહિલાઓનાં બેંક ખાતાઓમાં ભંડોળનાં હસ્તાંતરણની શરૂઆત કરશે. પ્રધાનમંત્રી ભુવનેશ્વરમાં ૨૮૦૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં રેલવે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે અને દેશને સમર્પિત કરશે. આ રેલવે પ્રોજેક્ટ્સ ઓડિશામાં રેલવેની માળખાગત સુવિધા વધારશે તથા આ વિસ્તારમાં વૃદ્ધિ અને કનેક્ટિવિટીમાં સુધારો કરશે. તેઓ ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધારેનાં મૂલ્યનાં રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રોજેક્ટનું ભૂમિપૂજન પણ કરશે. પ્રધાનમંત્રી લગભગ ૧૪ રાજ્યોના PMAY-G હેઠળ લગભગ ૧૦ લાખ લાભાર્થીઓને સહાયનો પહેલો હપ્તો જાહેર કરશે. કાર્યક્રમ દરમિયાન દેશભરમાંથી PMAY (ગ્રામીણ અને શહેરી)ના ૨૬ લાખ લાભાર્થીઓ માટે ગૃહપ્રવેશની ઉજવણી કરવામાં આવશે. પ્રધાનમંત્રી PMAY (ગ્રામીણ અને શહેરી) લાભાર્થીઓને તેમના ઘરની ચાવી આપશે. તેઓ PMAY-G માટે વધારાના ઘરોના સર્વેક્ષણ માટે Awaas 2024 એપ પણ લોન્ચ કરશે. વધુમાં, પ્રધાનમંત્રી પ્રધાનમંત્રી આવાસ યોજના – અર્બન (PMAY-U) ૨.૦ની કાર્યકારી માર્ગદર્શિકાનો પણ શુભારંભ કરશે.

**પ્રધાનમંત્રી સૌથી મોટી, સિંગલ વિમેન-કેન્દ્રિત યોજના 'સુભદ્રા'નો શુભારંભ કરશે**

**પ્રધાનમંત્રી વધારાનાં કુટુંબોનાં સર્વેક્ષણ માટે આવાસ ૨૦૨૪ એપનો શુભારંભ પણ કરશે**

**પ્રધાનમંત્રી ભુવનેશ્વરમાં સમગ્ર દેશનાં પીએમએવાયનાં ૨૬ લાખ લાભાર્થીઓ માટે ગૃહ પ્રવેશ ઉજવણીમાં સહભાગી થશે**



કમલમ્ ન્યુઝ,

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના નિવાસસ્થાને જન્મેલા એક નવજાત વાછરડાનું નામ દીપજ્યોતિ રાખ્યું છે. લોક કલ્યાણ માર્ગ પરના પ્રધાનમંત્રી આવાસ પરિવારમાં એક નવા સભ્યનું શુભ આગમન થયું છે. પ્રધાનમંત્રી આવાસમાં પ્રિય ગૌ માતાએ એક નવા વાછરડાને જન્મ આપ્યો છે, જેના કપાળ પર જ્યોતિનું ચિન્હ છે. તેથી, મેં તેનું નામ 'દીપજ્યોતિ' રાખ્યું છે. "૭, લોક કલ્યાણ માર્ગમાં એક નવા સભ્ય! દીપજ્યોતિ ખરેખર ઘણી જ સુંદર છે."**



કમલમ્ ન્યુઝ,

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના દહેગામમાં ડૂબવાની ઘટનાના પીડિતો માટે અનુગ્રહ રકમની જાહેરાત કરી છે. દરેક મૃતકના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષમાંથી ૨ લાખ રૂપિયાની આર્થિક મદદ આપવામાં આવશે તથા ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. પ્રધાનમંત્રી કાર્યાલયએ ઠ પર પોસ્ટ કરવામાં આવ્યું; "પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના દહેગામમાં ડૂબી જવાની ઘટનામાં દરેક મૃતકના સંબંધીઓ માટે PMNRF તરફથી ૨ લાખ રૂપિયાની અનુગ્રહ રકમની જાહેરાત કરી છે. ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે."**

# કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રીશ્રી અમિત શાહનો હિન્દી દિવસ ૨૦૨૪ પર સંદેશ

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે આજે હિન્દી દિવસના અવસર પર દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી છે. હિન્દી દિવસ પર પોતાના સંદેશમાં ગૃહમંત્રીએ કહ્યું કે આ શુભ દિવસ આપણા બધા માટે ખૂબ મહત્વનો છે, કારણ કે ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજ ભારતની સંવિધાન સભાએ હિન્દીને સંઘની સત્તાવાર ભાષા તરીકે સ્વીકારી હતી. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, તેના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે અને અમે આ વર્ષે સત્તાવાર ભાષાની ડાયમંડ જ્યુબિલી ઉજવવા જઈ રહ્યા છીએ. ૭૫ વર્ષની આ યાત્રા હિંદી, સત્તાવાર ભાષા અને આપણા તમામ રાજ્યોની સંબંધિત ભાષાઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. તેમણે કહ્યું કે હિન્દીએ ઘણા ઉતાર-ચઢાવ જોયા છે, પરંતુ આજે આ તબક્કે ઊભા રહીને તેઓ ચોક્કસપણે કહી શકે છે કે હિન્દીને કોઈ પણ સ્થાનિક ભાષા સાથે સ્પર્ધા નથી. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, હિન્દી તમામ ભારતીય ભાષાઓનું મિત્ર છે અને તે બંને એકબીજાના પૂરક છે. તેમણે કહ્યું હતું કે, ગુજરાતી હોય, મરાઠી હોય, તેલુગુ હોય, મલયાલમ હોય, તમિલ હોય કે બાંગ્લા, દરેક ભાષા હિન્દીને મજબૂત બનાવે છે અને હિન્દી દરેક ભાષાને મજબૂત બનાવે છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, જો આપણે હિન્દી આંદોલનને ધ્યાનથી જોઈએ તો પછી તે રાજગોપાલાચારીજી હોય, મહાત્મા ગાંધી હોય, સરદાર વલ્લભભાઈ પટેલ હોય, લાલા લજપતરાય હોય, નેતાજી સુભાષચંદ્ર બોઝ હોય કે પછી આચાર્ય કૃપલાની હોય, આ તમામ બિનહિન્દી ભાષી વિસ્તારોના છે. તેમણે જણાવ્યું હતું કે શ્રી આયંગર અને શ્રી કે.એમ.મુનશીના નેતૃત્વ હેઠળ રચાયેલી સમિતિએ બંધારણ સભામાં હિન્દીને સત્તાવાર ભાષા તરીકે માન્યતા આપવા અને હિન્દી અને આપણી અન્ય તમામ ભાષાઓને તાકાત આપવા માટે એક અહેવાલ રજૂ કર્યો હતો. આ બંને નેતાઓ પણ બિનહિન્દી ભાષી વિસ્તારોમાંથી આવતા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષોમાં હિંદી અને સ્થાનિક ભાષાઓને મજબૂત કરવા માટે ઘણું કામ કરવામાં આવ્યું છે. મોદીજીએ ગર્વથી હિન્દીમાં ઘણા આંતરરાષ્ટ્રીય મંચોને સંબોધિત કર્યા છે અને માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં હિન્દીના મહત્વને આગળ વધાર્યું છે. આ સાથે જ પ્રધાનમંત્રી મોદીએ દેશની અંદર આપણી ભાષાઓ પ્રત્યે પણ ગૌરવની ભાવના વધારી છે. આ ૧૦ વર્ષોમાં અમે અનેક ભારતીય ભાષાઓને મજબૂત કરવા માટે ઘણા પ્રયાસો કર્યા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ નવી શિક્ષણ નીતિમાં માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવાને મહત્ત્વનું સ્થાન આપીને આપણી તમામ ભાષાઓ અને હિન્દીને નવું જીવન આપ્યું છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતુ કે, આ ૧૦ વર્ષમાં અમે 'કંઠસ્થ' સાધન વિકસાવ્યું છે. અમે છેલ્લા ૧૦ વર્ષમાં સંસદીય સત્તાવાર ભાષા સમિતિના ચાર અહેવાલો સુપરત કર્યા છે અને સરકારી કાર્યમાં હિન્દીને અગ્રણી રીતે સ્થાપિત કરવા માટે કામ કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં સત્તાવાર ભાષા વિભાગ આઠમી અનુસૂચિમાં સૂચિબદ્ધ તમામ ભાષાઓમાં હિન્દીમાંથી અનુવાદ માટે એક પોર્ટલ પણ લાવી રહ્યુ છે, જેના દ્વારા અમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ખૂબ જ ઓછા સમયમાં કોઈપણ અક્ષર અથવા ભાષણને તમામ ભાષાઓમાં અનુવાદિત કરી શકીશું. ગૃહમંત્રીએ કહ્યું કે તેમનું માનવું છે કે આનાથી હિન્દી અને સ્થાનિક ભાષાઓ ખૂબ



જ મજબૂત થશે. ગૃહમંત્રીએ કહ્યું કે આજે તેઓ દરેકને ફરીથી કહેવા માંગે છે કે આપણી ભાષાઓ વિશ્વની સૌથી સમૃદ્ધ ભાષાઓમાંની એક છે. હિન્દી આપણને અને આપણી બધી ભાષાઓને જોડે છે. તેમણે કહ્યું કે બંધારણ સભાની ભાવના છે કે દેશના તમામ નાગરિકો ભારતીય ભાષામાં એકબીજા સાથે સંવાદ કરે, પછી તે હિન્દી હોય, તમિલ હોય, તેલુગુ હોય, મલયાલમ હોય કે ગુજરાતી હોય. હિન્દીને મજબૂત કરવાથી આ બધી ભાષાઓ પણ લચીલી અને સમૃદ્ધ બનશે અને એકીકરણની પ્રથા સાથે, બધી ભાષાઓ આપણી સંસ્કૃતિ, ઈતિહાસ, સાહિત્ય, વ્યાકરણ અને આપણા બાળકોના સંસ્કારને પણ આગળ વધારશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે, એટલા માટે તેઓ તમામ દેશવાસીઓને અપીલ કરવા માંગે છે કે હિંદી દિવસના અવસર પર સંકલ્પ લઈએ, હિન્દી અને આપણી સ્થાનિક ભાષાઓને મજબૂત કરીએ અને સત્તાવાર ભાષા વિભાગના આ કાર્યને સમર્થન આપીએ. ફરી એક વાર બધા દેશવાસીઓને હિંદી દિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ. ચાલો આપણે સત્તાવાર ભાષાને મજબૂત કરીએ. વંદે માતરમ.

# સરકારે આંદામાન અને નિકોબાર ટાપુઓ પોર્ટબ્લેરની રાજધાનીનું નામ બદલીને "શ્રી વિજય પુરમ" કરવાનો નિર્ણય લીધો છે.

**રાષ્ટ્રને વસાહતી છાપમાંથી મુક્ત કરવા વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના વિઝનથી પ્રેરિત થઈને, આજે અમે પોર્ટ બ્લેરનું નામ બદલીને "શ્રી વિજય પુરમ" કરવાનો નિર્ણય લીધો છે**

કમલમ્ ન્યુઝ,

સરકારે આંદામાન અને નિકોબારની રાજધાની પોર્ટ બ્લેરનું નામ બદલીને "શ્રી વિજયાપુરમ" કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આ ઐતિહાસિક નિર્ણયની જાહેરાત કરી હતી. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનાં સંસ્થાનવાદી છાપમાંથી દેશને મુક્ત કરવાનાં વિઝનથી પ્રેરિત થઈને 'એક્સ' પરની એક પોસ્ટમાં ગૃહ મંત્રીએ કહ્યું હતું કે, આજે અમે પોર્ટ બ્લેરનું નામ બદલીને 'શ્રી વિજયા પુરમ' કરવાનો નિર્ણય લીધો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, અગાઉનાં નામમાં સંસ્થાનવાદી વારસો હતો, ત્યારે શ્રી વિજયા પુરમ આપણાં સ્વતંત્રતા સંગ્રામમાં પ્રાપ્ત વિજયનું પ્રતીક છે અને તેમાંએએન્ડએન દ્વીપ સમૂહની વિશિષ્ટ ભૂમિકાનું પ્રતીક છે. તેમણે ઉમેર્યું હતું કે, આપણાં સ્વાતંત્ર્ય સંગ્રામ અને ઈતિહાસમાં આંદામાન અને નિકોબાર દ્વિપસમૂહો અપ્રતિમ સ્થાન ધરાવે છે. એક સમયે ચોલા સામ્રાજ્યના નૌકાદળના મથક તરીકે સેવા આપતો આ ટાપુ પ્રદેશ આજે આપણી વ્યૂહાત્મક અને વિકાસની આકાંક્ષાઓ માટેનો નિર્ણાયક પાયો બનવાની તૈયારીમાં છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આ એ જ સ્થળ છે, જેણે નેતાજી સુભાષચંદ્ર બોઝનાં આપણાં તિરંગાને પ્રથમ વાર લહેરાવવાનુંઆયોજન કર્યું હતું તથા એ સેલ્યુલર જેલ પણ હતી, જેમાં વીર સાવરકરજી અને અન્ય સ્વતંત્રતા સેનાનીઓએ સ્વતંત્ર રાષ્ટ્ર માટે સંઘર્ષ કર્યો હતો.




**આંદામાન અને નિકોબાર ટાપુઓનું આપણા સ્વાતંત્ર્ય સંગ્રામ અને ઈતિહાસમાં અજોડ સ્થાન છે**

